# ગુજરાત સમાચાર

Date: 17 November, 2019 (Sunday Plus Pg. No. 01)

## જીવનમાં ડિગ્રીનું જેટલું મહત્વ છે તેનાથી વધારે પ્રેક્ટિકલ નોલેજની વધારે જરૂરિયાત છે



### આઈઆઈટી-રામનો ત્રીજો કોન્વોકેશન યોજાયો

ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ટચર ટેકનોલોજી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટનો (આઈઆઈટી- રામ) કોન્વોકેશનમાં ચીફ ગેસ્ટ તરીકે ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા, ગેસ્ટ ઓફ ઓનર તરીકે ટાટા ઈન્સ્ટિટ્યુટ ફોર ફન્ડામેન્ટલ રિસર્ચના ડિરેક્ટર (ટીઆઈએફઆર) સંદીપ ત્રિવેદી, આઈઆઈટી-રામના બોર્ડ ઓફ ગવનર્સના ચેરમેન સુધીર મહેતા હાજર રહ્યાં હતા. કોન્વોકેશનમાં સિવિલ એન્જિનિયરિંગના ૩૯, ઈલેક્ટ્રિકલ ઈજનેરીના ૩૯ અને મિકેનિકલ ઈજનેરીના ૪૯ એમ કુલ ૧૨૭ સ્ટુડન્ટ, ૧૦ સ્ટુડન્ટને ચેરમેન મેડલ અને પદવી એનાયત કરાઈ.

સ્ટુડન્ટસે કરિયરને વિવિધ સંશોધનથી ભરપૂર બનાવીને સમાજની સમસ્યાઓને દૂર કરવામાં મદદરૂપ થવું જોઈએ. અભ્યાસ દ્વારા દેશને મદદરૂપ થવું જોઈએ. ઓછા સમયમાં વધુ સારું કાર્ય કરી શકાય તે માટેના પ્રોજેક્ટને પ્રોત્સાહન આપવું જોઈએ. જીવનમાં ડિગ્રીનું જેટલું મહત્વ છે તેનાથી વધારે પ્રેક્ટિકલ નોલેજની વધારે જરૂરિયાત છે. **સંદીપ ત્રિવેદી - ડિરેક્ટર, TIFR**